


: માસિક :

તંત્રીઓ :- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૩ જું
અંક ૫

પ્રેરક : મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સં. ૨૦૧૮ ફાગણ
સળંગ અંક ૨૯

# ચિંતન કણિકાઓ

ભાખરા—નાંગલના બંધમાં નાનું કાણું પડતાં કેટલું બધું નુકશાન થઈ ગયું ! એથી ઘણાના અંતરમાં શોક છવાઈ ગયો પણ સમાજ આખાયમાંથી આજે સંયમ અને સદાચારનો બંધ તૂટી રહ્યો છે એને માટે કોઇ વિચારશો ખરા ! સાંધશો ખરા !

*

માણસ પાસે ઉચ્ચ ધ્યેય ન હોય તો તે વિલાસમાં જીવન વિતાવે છે અને તેથી માણસ માણસ મટી પશુ બની જાય છે આવું પ્રદર્શન વિશ્વના ખૂણે ખૂણે મળી આવશે.

*

ફળની ઈચ્છા રાખ્યા સિવાય કર્તવ્યબુદ્ધિથી કરાયેલું કર્મ જ ઉત્તમ છે. જ્યારે ઉત્તમ પણ ફળની ઇચ્છાથી કરાયેલું કર્મ અધમ ગણાય છે.

*

આત્મામાં આધ્યાત્મિક પ્રકાશ પડતાંની સાથે સાંસારિક ભૂતાવળો-અંધકાર નાશ પામવા માંડશે.

*

મરણનો ભય બીકણને જ–પામરને જ હોય છે. સત્વશીલ મનુષ્ય તો મરણને જુનાં કપડાં ઉતારવાનું જ સમજે છે.

✻

પાણી વિનાના સરોવરમાં ચીરાડો દેખાય છે તેમ માનવતા વિનાના ધર્મમાં પણ છિદ્રાન્વેષિતા આદિ ઘણી ચીરાડો હોય છે.

✻

વ્યવહારુ જીવનમાં ધર્મને ઉતારવો એ મુશ્કેલીભર્યું તો છે જ પણ તેને ઉતારે તે જ સાચો માણસ અને સાચો ધર્મ છે.

✻

ઇલેકટ્રીક બત્તીઓની ગમે તેટલી રોશનાઇ પણ મૂળ ચાંપ (બટન) દબાવતાની સાથે જ અંધારું ઘોર બને છે, તેમ ગમે તેટલાં ધન વૈભવ કે મહેલો હશે તે બધાં પુણ્ય પરવાર્યારૂપ ચાંપ દબાઇ કે હતાં ન હતાં થઇ જશે.

✻

મરનારની પાછળ મરનારને કોઇ રોતું નથી. સહુ પોતાના સ્વાર્થને રડે છે. વડનું ઝાડ ભયંકર વંટોળીઓ આવતાં પડી જાય તો તે ઝાડ પડવાથી તેમાં આશરો લેનાર પક્ષીઓ કે છાયા પામનાર મુસાફરો આક્રંદ કરે છે તે શું ઝાડને માટે કરે છે?........

✻

હુંડી કે ચેકનું કવર સારૂં અને શોભિતું હોય પણ જો અંદર હુંડી જ ન હોય તો....

✻

આપણે લોકપ્રસિદ્ધ ન થઇ શકયા તેની ફિકર છોડો તેને લગતી યોગ્યતા મેળવવાનું ચિંતન કરો.

✻

જેણે ધન ગુમાવ્યું છે તેણે કંઇજ ગુમાવ્યું નથી. જેણે શારીરિક સ્વાસ્થ્ય ગુમાવ્યું છે. તેણે કંપ્રક ગુમાવ્યું છે. અને જેણે પ્રતિષ્ઠા ગુમાવી તેણે બધું જ ગુમાવ્યું છે.

✻

અપકાર ઉપર ઉપકાર કરનાર દેવ છે. ઉપકાર ઉપર ઉપકાર કરનાર માનવ છે અને ઉપકાર ઉપર અપકાર કરનાર રાક્ષસ છે

✻




સિદ્ધાર્થના પાટવી કુંવર શ્રી વર્ધમાને દીક્ષા લીધી અને એ રાજસુત શ્રમણ વર્ધમાન સ્વામી બન્યા. દીક્ષામાં એવી ઉત્કટ સાધના કરી કે જગતે તેમને મહાવીર કહી બિરદાવ્યા. એવા એ વિશ્વ જ્યોતિર્ધર ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો આ માસે આપણને જીવંત પ્રેરણા દઇ જાય છે.

પોતે શ્રમણ છે, જ્ઞાની છે, વીર છે. જગતને કંઈક દઇ શકે એવું પોતાનું ચિંતન છે. પરંતુ એ મહા શ્રમણને વિશ્વને કશું શીખવવાની કે કૈંક આપી જવાની ઉતાવળ નથી. એ તો એમ જ માને છે. હજુ મારું જ્ઞાન અધૂરું છે. મારું તપ ઊણું છે. સાધનાના રાહે હજુ હું અર્ધે જ છું. અને એ વરસો સુધી મોં બંધ રાખીને (મૌનપણે) ઉગ્ર તપ કરતા જ જાય છે. એક ગામથી બીજે ગામ વિચરે છે. એક મંગળ દિવસે એમને સાચું, સંપૂર્ણ જ્ઞાન (કેવળ જ્ઞાન) થાય છે. અને તે દિવસથી પોતાનું વરસો સુધીનું બંધ એવું મૌન તોડે છે. ને જગતને કર્મ ને અનેકાંતના પાઠ ભણાવે છે.

પોતાનો શિષ્ય ગોશાળો પોતાથી વિરુદ્ધ વર્તે છે. પોતાની વિચાર સરણીથી અવળો જ પ્રચાર કરે છે. વધુમાં તેમના કાર્યોમાં અંતરાયો પણ ઉભા કરે છે. પરંતુ પ્રભુ પોતાની જીભને કડવી નથી બનાવતા. પોતાની વાણીને ઉગ્ર નથી કરતા. અરે એવું મોં પણ કરી નથી બેસતા કે તે ગુસ્સે છે તેમ કોઈને દેખાય'....

અનેક રીતે હેરાન કરનાર ને દુઃખ દેનાર સંગમ દેવને પણ પોતે મૌન આશીષો પાઠવે છે.

એક બાજુ પોતે જૈન ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે. બીજી બાજુ ગૌતમ બુદ્ધ પોતાના ધર્મનો પાયો ચણી રહ્યા છે. ત્રીજી બાજુ હિંદુ ધર્મ આ બન્ને સામે લડવા સજ્જ બનીને મેદાને પડયો છે. છતાં પ્રભુની દેશનામાં બીજા ધર્મ પ્રત્યે કયાંય તીખાશ નથી જણાતી. કોઈ ધર્મ સામે ઉંડો કે છીછરો તિરસ્કાર પણ નથી વર્તાતો. કોઇ પણ ધર્મને ઉતારી નાંખતું, તેમને અપમાનિત કરતું કયાંય એકાદ વચન પણ નથી નીકળતું. વિરોધીઓના પ્રહાર છતાં પણ પ્રભુના પ્રવચનોમાં કયારેય અંગાર ઝરતા શબ્દો નથી નીકળતા. એ તો સૌ પ્રત્યે સૌમ્ય બનીને મૌન જ છે. અને ઇતિહાસ સાક્ષી પૂરે છે કે એ મૌન તેમના વિરોધીઓને તેમના ચરણે નમાવે છે. હિંદુ ધર્મના મહાન ને ધુરંધર પંડિતો તેમના ચરણે જીવન સમર્પિત કરે છે ને જગતને મહાજ્ઞાની એવા ગૌતમ પ્રભુનાં દર્શન થાય છે.

જગતના રંગમંચ પર મૌનના મહાસાધક પ્રભુ મહાવીર હજુ એકલા જ છે. મૌનની

આવી ઉત્કટ ને ઉચ્ચ જાગૃત સાધના બીજા કોઈએ સાધી નથી. પ્રભુ મહાવીર હજુ યે બિનહરીફ ને અજોડ છે. એ મૌનના વિશ્વ વિજેતા છે.

આવા હતા આપણા એ ધર્મપિતા ક્યાં ? ત્યારે અમને વિચાર થાય છે.

શું આપણે એ મહાપિતાનો મંગળ વારસો બરાબર સાચવ્યો છે ? મૌનની એ ઉજમાળી ભાત અખંડ રાખી છે ?

સમાજ અને સંઘ તરફ ઉપલક નજર ફેંકતાં જ જ્યાં નિરાશા સાંપડે છે તે પછી જ્યાં ઝીણું ને સૂક્ષ્મ અવલોકન કરીએ તો તો ન જાણે શું યે જોવાનું મળે ??? ઊર્મિલ ને ભાવનાશાળી હૈયું તો બેસી જ જાય ?

આ હકીકતની કોણ ના પાડી શકશે ? આપણે અનેક વિભાગોમાં આજ વહેંચાઇ ગયા છીએ. આજનું દૃષ્ય જોતાં તો જાણે એમ જ લાગે છે કે યુદ્ધની છાવણીઓ ચારે બાજુ ઠોકાઇ ગઈ છે. શ્વેતાંબરપંથી સ્થાનકવાસી સામે ઘુરકે છે. સ્થાનકવાસી શ્વેતાંબર સામે ડોળા કાઢે છે. દિગંબરો આ બન્ને સામે લાલ આંખે જુએ છે. અને એ ઘુરકીયા ને લાલ આંખમાંથી કંઈક વાર આગ ઝરતી વાણી નીકળે છે. વળી એક એક પંથમાં પણ અનેક ચોકા પડયા છે. અને દરેક લોકો પોતાને શ્રેષ્ઠ માને છે. એક ગચ્છ બીજા ગચ્છને વખોડે છે. એક સમુદાય બીજા સમુદાયની જાસુસી કરે છે. આમ વાતાવરણ એટલું ડોળાયેલું ને કલુષિત છે કે અહિંસા ને શાંતિના પાઠ શીખવતા જૈન સમાજમાં ક્યાંય શાન્તિ નથી. મંદિરોના ઝગડા છે. ઉપાશ્રયોના બખેડા છે. ભક્તોની જૂથબંધી છે. તિથિઓના વિખવાદ છે. સાધુ સાધુઓમાં પણ (એક જ સમુદાયમાં) મતભેદ છે. ખરેખર જૈન સમાજ આજ ખંડિત છે. તેની એક વખતની ભવ્ય ઇમારત આજે ખંડેર બની છે. પરિણામે આજે ધર્મ વગોવાય છે. એના સિદ્ધાંતોની ઠેકડી થાય છે.

આમાં કોને રડવું ? ઘરનો દીકરો ઊઠીને ઘર ફાડે તો કોને ધા નાંખવી ?

અમે સમજીએ છીએ કે આ બધા ભગ્ન ટુકડાઓ આજને આજ એક બની કામ કરતા થઇ જાય એ જરીએ શક્ય નથી. પરંતુ શું એટલું ન બની શકે કે એક બીજા સામેના કડવાં, તીખાં, ભાષણો ને નિવેદનો બંધ ન કરાય ? એક એકને સાચું જુઠું કરવાની પ્રવૃત્તિને અટકાવી ન દેવાય ? એક બીજાને ઉતારી પાડવાની હીલચાલને શું બંધ ન કરી શકાય ?

દરેક ફીરકો, પંથ કે સમુદાય ભલે પોતાના વિચારો ને પ્રણાલીને માની પ્રવૃત્તિ કરે. પરંતુ એક બીજા સામે થુંક ઉડાડવાનું તો સૌ જરૂર બંધ કરે. જેને જે સાચું લાગે તે કરવા સામે કોઇને બંધન ન હોઇ શકે. પરંતુ એ જ્ઞાન ક્રિયા મૌન રહીને કરે. આપણા ધર્મપિતા મહાવીરે જે રીતે જૈન ધર્મને પુનઃ સંસ્કાર્યો હતો એવી અપૂર્વ ખેલદીલી ને ઉદાર હૈયાથી મૌનપણે સૌ પોતપોતાની વિચાર સરણીનો પ્રચાર કરે. એ જ મહાવીર જયંતીના મહાન દિવસે અભ્યર્થના.



# ગંગાના ઓવારેથી

લેખક : શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી

આર્યાવર્તમાં એક મોટું લાખો રૂપિયા ખર્ચીને જ્ઞાનાલય કરવાની જરૂર છે. ઇંગ્લાંડની મોટામાં મોટી લાયબ્રેરી જેવડું જ્ઞાનાલય બાંધવામાં આવે અને જૈન ધર્મનાં લખાયેલાં તથા છપાયેલાં દરેક જાતનાં પુસ્તકો રાખવામાં આવે તો જૈનો ગ્રંથોની ભક્તિ સારી પેઠે કરી એમ કહી શકાય. જૈનોના લાખો રૂપિયા વ્યવસ્થા અને ઉત્તમ વિચારની સંકલનાના અભાવે અન્ય બાબતોમાં ખર્ચાય છે. પણ એક મોટું જૈન પુસ્તકાલય બનાવવા માટે લાખો રૂપિયા ખર્ચાય તો ભવિષ્યની પ્રજાને મહાન વારસો આપી શકાય. અમદાવાદ, પાલીતાણા વગેરે મધ્ય સ્થળોમાંથી ગમે તે સ્થળ પસંદ કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય. આખાય હિંદુસ્તાનના જૈનોમાં આવા ઉત્તમ વિચારોને પ્રથમ તો ફેલાવવાની જરૂર છે. પશ્ચાત્ એક મહાસભા કરવાની જરૂર છે. પશ્ચાત્ આગેવાન શ્રાવકોએ એ કાર્ય ઉપાડી લેવું જોઈએ. ધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વગેરેનાં પુસ્તકો તેમના નામે રાખવામાં આવે અને જ્ઞાનાલયમાં તે જુદી જુદી કોટડીઓમાં મૂકવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ખપ પડે મોકલવામાં આવે તો જૈન ભારત જ્ઞાનાલયની ઉન્નતિ થાય. એક જૈન ભારત મહાજ્ઞાનાલય અને તેની વ્યવસ્થા થાય તો જૈનોનો ઉદય થઈ શકે.

સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દઈને લાખો કરોડો મનુષ્યોનું કલ્યાણ કરી શકે. હાલમાં પ્રાચીન પઠન પાઠન વ્યવસ્થા જેમ જોઈએ તેવો રહ્યો નથી. પૂર્વે ગૃહસ્થો ગૃહસ્થાવસ્થામાં સંસ્કૃત આદિ ભાષાના જાણકાર હતા. તેથી તેઓ સાધુ થતા ત્યારે હાલની પેઠે પંચ સંધિથી અભ્યાસ શરૂ કરાવવો પડતો ન હતો, એમ પ્રાયઃ દેખવામાં–અનુભવવામાં આવે છે. આચાર્યો ઉપાધ્યાયો વગેરે ભણાવવાનું કાર્ય સારી રીતે કરતા હતા. ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ હાલ અમુક સાધુ પાસે ભણી શકે એવી સ્થિતિ દેખવામાં આવતી નથી તેમજ એક ગચ્છના સાધુઓમાં પણ સંપના અભાવે વિદ્વાન સાધુઓની પાસે અભ્યાસ કરવાની અન્ય સાધુઓને અમુક કારણોથી સગવડ મળી શકતી નથી. શ્રી દેવચંદ્રજી ખરતર ગચ્છના હતા. તેમની પાસે તપાગચ્છના શ્રી ઉત્તમવિજયજી તથા શ્રી જિનવિજયજીએ પણ અભ્યાસ કર્યો હતો એમ તેમના ચરિત્રથી જણાય છે. શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાય પણ એક વખતે ખરતર ગચ્છમાં કેટલાક વખત સુધી રહ્યા હતા. તે વખતે તેમની

પાસે ખરતર ગચ્છના સાધુઓએ અભ્યાસ કર્યો હતો. એમ અવબોધાય છે. ચૈત્યવાસી સાધુઓની પાસેથી પણ પૂર્વે સાધુઓ જ્ઞાન પ્રાપ્ત કરતા હતા હાલમાં તો જાણે સંકુચિત દૃષ્ટિ થઈ ગઈ હોય એવું ઘણે ભાગે લાગે છે. પ્રાચીન અને આધુનિક એ બે જમાનામાં અભ્યાસનું યોગ્ય એવું મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યકતા છે. જમાનાને ઓળખવો જોઈએ અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઈએ, રાજ્યભાષાનો પણ સાધુઓએ અભ્યાસ કરવો જોઈએ. જમાનાને અનુસરી જાહેર બોધ આપવો જોઈએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે જે અભ્યાસીઓ હોય તેઓ એક ઠેકાણે ભણી શકે એવો સુધારો કરવો જોઈએ. સાધુઓ કોલેજના વિદ્યાર્થીઓની પેઠે ભેગા મળીને અભ્યાસ કરે તો પરસ્પર એકબીજાને ઘણું જાણવાનું મળી શકે જમાનો વિદ્યુત વેગે દોડે છે. તેને સાધુઓ જવા દેશે તો જમાનાની પાછળ ઘસડાવું પડશે.

સાધુ વર્ગના પ્રતિપક્ષી બનીને ઘણા લોકોએ સાધુ વર્ગનો નાશ કરવા પ્રયત્ન કર્યો પણ સાધુ ધર્મના માહાત્મ્યથી અદ્યાપિ પર્યંત સાધુ-સાધ્વી સંઘ વર્ત્યો છે. અને પાંચમા આરાના છેડા પર્યંત વર્તશે. દિગંબર વૃત્તિ કારણ કરનારાઓએ સાધુ વર્ગની જડ ઉખેડવા પ્રયત્ન કર્યો પણ તેઓનું કંઇ વળ્યું નહિ; જે સાધુ વર્ગ કુદરતને યોગ્ય લાગે છે તેનો નાશ થઈ શકે નહિ. સાધુ વર્ગની અસ્તિતાની જરૂર ન હોત તો કુદરત પોતાની મેળે સાધુની અસ્તિતાને મીટાવી દેત. બૌદ્ધ ધર્મ એક વખત સારા હિંદુસ્તાનમાં સર્વત્ર પ્રસરી ગયો હતો પણ આર્યાવર્તમાં તેની અનુપયોગિતા હોવાથી તેનો અસ્ત થયો. અને જ્યારે તે ધર્મના આચારોની અને વિચારોની આવશ્યકતા માલુમ પડશે ત્યારે તેનો પાછો હિંદુસ્તાનમાં પ્રચાર થવાનો. જૈન સાધુઓની એટલી બધી ઉપયોગિતા છે કે તેનું પરિપૂર્ણ વર્ણન કરી શકાય નહિ. વિક્રમ સંવતના સોળમા સૈકામાં કડવા શાહે સાધુ સાધ્વીની અસ્તિતા ન રહે એવો વિચારો ફેલાવવા પ્રયત્ન કર્યો. પણ અંતે તેમના વિચારો સમાઈ ગયા. કારણ કે તેની દૃષ્ટિમાં કોઈ સાધુ ન ભાસ્યો ને તેથી કોઈ સાધુ નથી એમ તેણે કહ્યું પણ તે કંઈ સર્વ લોકોમાં માન્ય થયું નહિ. શરીરમાંથી આત્મા જતાં શરીર બગડી જાય છે અને તેનો કુદરતી રીતે નાશ થાય છે. તેમ સાધુ વર્ગમાંથી ધર્મ રૂપી ચૈતન્ય ટળી જાય તો પોતાની મેળે સાધુઓનો નાશ થાય. પણ તેમ કદી બનવાનું નથી. ખરા સાધુઓની અસ્તિતા જ્યાં હોય છે ત્યાં જ પાસત્થાઓ હોય છે. જે ક્ષેત્રમાં પાસત્થાઓ હોય છે. ત્યાં ખરા સાધુઓ હોય છે.શ્રમણ અને સાધ્વી વર્ગની કદી અસ્તિતા ટળી જવાની નથી. ઘણા ઉત્કૃષ્ટાચાર અને ઘણા કનિષ્ઠાચારથી પણ સાધુ માર્ગ ચાલતો નથી. મધ્યમ આચારથી સાધુમાર્ગ વહે છે. કંચન કામિનીના ત્યાગી અને સૂત્રોથી અવિરૂદ્ધ દેશના દેનાર સાધુઓથી જૈન ધર્મ ચાલે છે. જૈન શાસનના ત્રેવીસ ઉદય થવાના છે. સાધુ-વ્રતી-સંયમીથી જૈન ધર્મ ચાલવાનો છે. આ કાળમાં તરતમ યોગે સાધુ માર્ગ પાળનાર સાધુઓ છે.

સર્વ સાધુઓ એક સરખા આચાર પાળતા નથી. સાધુ માર્ગને અંગીકાર કરીને

જેઓ ચારિત્ર પાળે છે, તેઓ સાધુ માર્ગમાં જમાનાને અનુસરી આચાર વગેરેમાં સુધારો કરી શકે છે. ગીતાર્થ મુનિવરોનું એ કાર્ય છે. ચતુર્વિધ સંઘ મહાકાળ રહેશે. જૈન ધર્મમાં સાધુઓને ઉત્તમ અને ગુરુ તરીકે માનવામાં આવ્યા છે.

જૈનોની પ્રવૃત્તિ ખરેખર જૈન ધર્મના ફેલાવા માટે થાય તો જૈન ધર્મનો ફેલાવો થઈ શકે. આર્ય સમાજીઓનો જુસ્સો અને ખ્રીસ્તિઓનો પોતાનો ધર્મ ફેલાવવા માટે વિશેષ જુસ્સો દેખાય છે. આર્ય સમાજીઓ જે સુધારાઓ કરે છે તેમાંના કેટલાક હાલના જમાનાને સાનુકુળ હોવાથી કેળવાયેલા વર્ગનો મોટો વર્ગ તે તરફ આકર્ષાય છે. આર્યસમાજીઓ કર્મથી જાતિ માને છે. જૈનો તો અસલથી કર્મથી જાતિ માનતા આવ્યા છે. તેથી તેમના કરતાં જૈનોના વિચારો તે બાબતમાં પૂર્વ કાળથી સંમત છે. આર્ય સમાજીઓ ગુરુકુળ સ્થાપન કરે છે. જૈનોની પાઠશાળાઓ અમુક અંશે ગુરુકુળની ગરજ સારે છે. આર્ય સમાજીઓ અન્ય ધર્મવાળાને પોતાના ધર્મમાં દાખલ કરે છે. જૈનો પણ અન્ય ધર્મીને પોતાના ધર્મમાં દાખલ કરે છે. જૈનોમાં હાલ એવા પ્રકારની વ્યવસ્થા થવી જોઈએ કે અન્ય જાતિના લોકો જૈન ધર્મ પાળવા તત્પર થાય, તો તેઓને જૈન ધર્મ શ્રદ્ધા વિધિ પૂર્વક ગ્રહણ કરાવીને એક નવો વર્ગ ઉત્પન્ન કરવો. અને તેમાં અન્ય જાતિના લોકોને જૈન બનાવીને દાખલ કરવામાં આવે. આગળ જતાં સો વરસ થતાં તેઓને અસલ જૈનોની સાથે ભેળવી દેવામાં આવે. વૈષ્ણવ વણિક વગેરે ઉત્તમ વર્ણના લોકોને તો તુર્ત પોતાની સાથે ભેળવી દેવામાં આવે તો તે યોગ્ય જ ગણાય. હાલમાં જૈન સમાજના વિચારોને સાનુકુળ રહીને આટલું પણ નવીન ધર્મ પ્રચારક કાર્ય પ્રારંભવામાં આવશે તો ભવિષ્યમાં તેનું ઉત્તમ ફળ આવશે અને ભવિષ્યનો કેળવાયેલો વર્ગ આ કાર્યને સારી મદદ આપશે.

આર્ય સમાજમાં ઉપદેશકો ધર્મ ફેલાવવાનું કાર્ય કરે છે ત્યારે જૈનોમાં સાધુઓ સાધ્વીઓ અને કેટલાક ગૃહસ્થો પણ હાલની રૂઢિથી જૈનો તો હાલ લક્ષ્મીનું મોટું બળ ધરાવે છે. આર્યસમાજીઓ કેળવણીને મદદ આપે છે.તેમજ જૈન ધર્મોપદેશ દેવાનું કાર્ય કરે છે. આર્ય સમાજીઓ લક્ષ્મીનું બળ ધરાવતા નથી અને જૈનો પણ કેળવણીને મદદ આપે છે. જૈનો પાછળ હઠે તેવા નથી પણ હજુ તેઓનામાં જૈન કેળવણી અને વ્યવહારિક કેળવણીની ન્યૂનતા છે તેથી તથા શારીરિક બળ તથા માનસિક બળની ન્યૂનતાથી સર્વની આગળ ગમન કરી શકયા નથી. આર્ય સમાજીઓ કરતાં જૈનોની જૈનાગમો ઉપર ઘણી શ્રદ્ધા છે. પણ તેઓ મોટા ભાગે અકેળવાયેલા હોવાથી આર્ય સમાજીઓની પેઠે જાહેરમાં ઘણા આવી શકતા નથી. પણ હવે જૈનોમાં ધર્મોત્સાહનો નૂતન રસ રેડાય છે અને કંઇક ધર્મ પ્રવૃત્તિમાં ભાગ લેવાય છે. જૈનોની ઉન્નતિ થાઓ ! ! ! !

ખ્રીસ્તિઓએ આર્યાવર્તમાં પોતાનો ધર્મ ફેલાવ્યો છે. પણ તેઓના ધર્મમાં તત્ત્વોની વ્યાખ્યા વિશેષ દેખવામાં આવતી નથી તેમજ પશુ પંખી વગેરેમાં આત્મા માનવામાં આવતો નથી. તેથી અંતે તે ધર્મનો ફેલાવો બંધ પડી જવાનો. લક્ષ્મીની મદદ આદિ

કારણોથી ગરીબ આર્યોને તેઓએ પોતાના ધર્મમાં દાખલ કર્યા છે. પણ તત્ત્વો વિના ખ્રીસ્તિ ધર્મનો મહેલ ડગી જવાનો. હાલ યુરોપમાં ઘણા વિદ્વાનો ખ્રીસ્તિ ધર્મની શ્રદ્ધાથી હીન થયા છે. આર્યાવર્તના ધર્મોની આધ્યાત્મિક દશા આગળ ખ્રીસ્તિ ધર્મનો ઉપદેશ ફીકો પડી જાય છે. જૈનધર્મમાં આત્મા, કર્મ, શરીર, ગતિ, પુનર્જન્મ આદિ તત્ત્વો માટે જે જે કહેવામાં આવ્યું છે તેની આગળ ખ્રીસ્તિ ધર્મનાં પુસ્તકો મૌનાલંબન કરીને બેસી રહે છે.

તત્ત્વોની હરિફાઈમાં જૈન ધર્મનાં તત્ત્વો ખરેખર સર્વધર્મની આગળ આવે છે. ખ્રીસ્તિ ધર્મની પેઠે જૈન ધર્મને તેવા પ્રકારની મદદ હોત અને ધર્મનો ફેલાવો કરવા માટે તેવા પ્રકારની વ્યવસ્થા હોત તો જૈન ધર્મે આખી દુનિયામાં શાંતિ ફેલાવી દીધી હોત. જૈનધર્મના ઉપદેશ પ્રમાણે જો જૈનો ચાલે તો તેઓ અન્ય ધર્મીઓની પ્રશંસાના પાત્રરૂપ થઇ પડે અને અનેક મનુષ્યોને સમ્યકત્વની પ્રાપ્તિમાં નિમિત્ત–કારણભૂત બને એમાં જરા માત્ર સંશય નથી. મુસલમાનોના ધર્મયુદ્ધ વખતે પણ જૈનોએ પોતાના ધર્મનું સંરક્ષણ કર્યું છે. હિંદુઓએ મુસલમાનો સામે પોતાની છાતી રાખી અને લાખો મનુષ્યોના પ્રાણ ખોઇને પોતાના ધર્મનું રક્ષણ કર્યું છે અને તેવા પ્રસંગોએ હિંદુઓએ જૈનોના પણ દેરાસરનું રક્ષણ કર્યું છે. જૈનોએ તે વખતે હિંદુઓને બુદ્ધિ વડે તથા વ્યાપાર વડે સહાય આપી છે. જૈનાચાર્યોએ સાહિત્યના ગ્રંથો લખીને અન્ય વિદ્વાનોનું કાર્ય પોતે ઉપાડી લીધું છે. મુસલમાની રાજ્યના વખતમાં જૈનોએ પોતાનો ધર્મ ધારી રાખ્યો છે. હવે તો રામ જેવા બ્રીટીશ રાજ્યમાં કેળવણીના પ્રતાપે જૈન ધર્મનો પાયો મજબૂત કરવાનો અને જૈનધર્મ ફેલાવવાના ઉપાયો લેવાનો વખત આવી પહોંચ્યો છે. હવે જૈનોએ-જૈન બંધુઓએ આ સોનેરી તક ગુમાવવી ન જોઇએ. (તા ક: અંગ્રેજી રાજ્ય તો ગયું. હવે તો આપણું રાજ્ય છે. અને લોકશાહી રાજ્યમાં છીએ. આજે પણ એ તક ગુમાવવા જેવી નથી જ. તેમ આ પચાસ વરસ અગાઉ લખાયેલા લેખમાંથી શીખી કાર્યમાં લાગીશું ?... —તંત્રીઓ.

(જૈન ધર્મ સાહિત્ય નિબંધમાંથી ઉધ્ધૃત.)

# વિશ્વવાત્સલ્ય

"નિર્મલ"

આપણા વ્યવહારમાં આપણે જોઇએ છીએ કેઃ—માતાને જ્યારે બાળક જન્મવાનું હોય છે ત્યારે તેના સ્તનમાં લોહીને બદલે દૂધ બની જાય છે. તે આપણને સૂચવી જાય છે કે—

ક્રોધ–માન–માયા–લોભ–રાગદ્વેષ હોય ત્યાં સુધી જ લોહીમાં લાલાશ રહે છે. જ્યારે તેમાંથી એ બધા દોષો દૂર થાય ત્યારે લોહી પણ સફેદ બની જાય છે.

ભગવાન મહાવીરનો જન્મ દિવસ આવે છે. આપણે તેમાંથી પ્રસંગ લઇને પણ તારવી શકીએ છીએ કેઃ—

"સવિજીવ કરૂં શાસન રસી"ની ભાવનાથી ભરપૂર ભગવાન મહાવીરના શરીરમાં લોહી પણ સફેદ બની ગયું હતું. કોઇ ખૂણે કોઇનાય પ્રત્યે રાગદ્વેષ રહ્યો ન હતો.

ચંડકૌશિકે ડંખ દેવા છતાં તેમાંથી દૂધની ધારા છૂટી અને ભગવાનની વાણીરૂપી અમૃત ધારાથી ઝેરી ચંડકૌશિક પણ ઝેરહીન બનવા સાથે સદ્દગતિને પામી ગયો.

ભગવાન્ મહાવીરની જન્મજયંતી આપણે વિશ્વપ્રત્યે પ્રેમ ભાવના પ્રગટ કરી ઉજવીએ



# નીલમની પરીક્ષા

લેખક- નિર્મળ.

ભગવાન્ મહાવીરના અબાધિત અને અખંડિત સિદ્ધાંતોનો અને તેમનાં વચનોનો આપણે કયાં અને કેવો ઉપયોગ કરી રહ્યા છીએ. આપણે આપણીજ મહત્તા થાય તે રીતે યુક્તિની પાછળ વચનોને ખેંચી જઇએ છીએ અને ખરેખર અસ્વીકાર્યને સ્વીકાર્ય બનાવી લોકમાં આપણીજ મહત્તા અંકાય તે રીતે ફેલાવીએ છીએ. જેના માટે પૂ ઉપાધ્યાયજી મહારાજ માધ્યસ્થ્યાષ્ટકમાં જણાવે છે કે :-

तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥

તુચ્છ આગ્રહવાળા પુરુષનો મનરૂપ વાનર યુક્તિરૂપ ગાયને પૂંછડાથી ખેંચે છે. કદાગ્રહીનું ચિત્ત યુક્તિની પણ કદર્થનાજ કરે છે.

તો ભગવાન મહાવીરના જન્મ દિવસે આપણે તેમની સાચી ઓળખ મેળવી મહાવીર જયંતિ ઉજવીએ કે જેને માટે આ એક પ્રતિક આપણને સારો બોધપાઠ આપી જાય છે આ રહ્યું તે રોચક દ્રષ્ટાંત :—

'ભાઈ આપણે આ નીલમને હમણાં નથી વેચવું, પાનાચંદ શેઠ બોલ્યા અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં ઉમેર્યું'. હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે. ખબર સારો થશે ત્યારે આપણે એને વેચી દેશું.'

નવીન માણેકચંદનો એકનો એક દીકરો હતો, માણેકચંદ રાજનગરના મોટા ઝવેરી. માણેકચંદ શેઠે પોતાની મહેનતથી જ આખી પેઢીને ઉભી કરેલી અને પ્રેમચંદ શેઠને ચાર આની ભાગ આપ્યો ત્યારે પ્રેમચંદ શેઠને દર વર્ષે ભાગમાં ચાર લાખ રૂપિયા મળતા.

આવી ધીકતી પેઢીના માલિક માણેકચંદ શેઠ એકાએક હૃદય બંધ પડી જવાથી ગુજરી ગયા. એટલે વસંતબેન અને નવીન નિરાધાર બની ગયા. છેલ્લાં બે ત્રણ વરસથી પેઢી નરમ પડી ગઇ હતી અને છેલ્લે તો વસંતબેનનો દાગીનો પણ માણેકચંદ કોઇને ઘેર મૂકી આવ્યા હતા. આવી સ્થિતિના ભારથી શેઠ એકાએક દબાઈ ગયા એમ સૌ કહેતું.

શેઠને ગુજરી ગયા બાદ એકાદ માસ થયો ત્યાર પછી એક દિવસ નવીન પેઢી પર આવીને પાનાચંદ શેઠને કહેવા લાગ્યો. 'કાકા ! મારી બાએ આ નીલમ મોકલાવ્યું છે વેચવા માટે. મારી બા કહે છે કે આના લાખેક રૂપિયા આવશે એટલે આપણે એથી ગુજરાન ચલાવીશું ત્યાં તો વળી ભગવાન પેઢીના દિવસ સારા દેખાડશે.'

'લાવ જોઇએ, કયું નીલમ છે, મને જોવા દે, પાનાચંદ બોલ્યા.

એટલે નવીને કાગળના પડીકામાંથી નીલમ પાનાચંદ શેઠના હાથમાં મૂક્યું, પાનાચંદે નીલમને હથેળીમાં લીધું, વળી ચશ્મા ચડાવી ને ફરીથી જોયું અને વિચારમાં પડી ગયા. 'આ નીલમના લાખ રૂપિયા ! નીલમ છે જ ક્યાં ? ખાસ્સો કાચનો કટકો છે !

નવીને કાકાને વિચારમાં પડેલા જોઈને પૂછયું. 'કાકા' કેમ વિચારમાં પડી ગયા ! આવું ભારે નીલમ આજે કોણ લેશે એમ લાગે છે ?

ભાઈ આ નીલમ ને હમણાં નથી વેચવું. બજાર સારો થવા દે' પાનાચંદ શેઠ બોલ્યા. અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં કહ્યું 'હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે બજાર સારો થશે ત્યારે આપણે એને વેચી દઈશું.'

પણ કાકા....'નવીન બોલ્યો અને આંખમાં બે આંસુ આવ્યા....'

નવીન મૂંઝાય છે શા માટે ? પાનાચંદે તેને પાસે લીધો.

'કાકા આને વેચીએ તો ઘર ખર્ચ ચાલે, ભલેને બે હજાર ઓછા આવે.' નવીને જણાવ્યું.

'ભાઇ આપણે એમ નથી કરવું, ઘરખર્ચ માટે તો તારે દર મહિને પાંચસો રૂપિયા પેઢીમાંથી ઉપાડવાના છે' પાનાચંદ બોલ્યા.

'પણ મહેતાજી તો બાને કહેતા હતા કે હમણાં દર માસે દશ હજારની ખોટ આવે છે.' નવીન બોલ્યો.

'એ મહેતાજી ચોપડામાં આંકડા પાડી જાણે ભાઇ' કેટલીક વ્યવહાર પેઢીના ચોપડામાં લખાય છે અને તેના સરવાળા બાદબાકી થાય છે. પણ કેટલીક વ્યવહાર ચોપડાની બહાર લખાય છે અને તેના સરવાળા બાદબાકી કરવાની મહેતાજીની કલમમાં તાકાત નથી. માણેકચંદ શેઠની વિધવા અને પુત્રને આવતી કાલનો વિચાર કરવો પડે તોય પેઢી નફાતોટાની ગૂંચમાંથી બહાર ના આવી શકે તો તો મેં જીવી ન જાણ્યું ! નવીન, હું આજે ફરીથી તારી બા પાસે આવીશ. પેઢીના નફાતોટાનો વિચાર તારે કરવાનો નથી. એ કરવા માટે તો હું ક્યાં નથી બેઠો ? વળી કારજ હવે ઉકલી ગયું છે. એટલે કાલથી તારે પેઢી પર આવવાનું છે ને આ બેઠક સંભાળવાની છે !

'પણ કાકા મને ક્યાં હીરામાં ખબર પડે છે ?' નવીન બોલ્યો.

ભાઈ એક દિવસ આ પાનાચંદને પણ ક્યાં પડતી હતી ? પણ મને મોટા શેઠે પડખામાં લીધો અને શીખવ્યું ત્યારે આટલું ય આવડે છે. તને ખબર નથી. માણેકચંદે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તે વળે તેમ નથી. તને હીરાની પારખ શીખવીને હું મારૂં થોડું પણ ઋણ વાળું તો મારી જાત ધન્ય થાય.' પાનાચંદ શેઠ ગળગળા થઈ ગયા.

નવીન તો આજે પેઢીનો મોટો શેઠ બની ગયો છે. તેને હીરાની કોઇ અજબ પારખ આવી ગઇ છે. પાનાચંદ શેઠે પેઢીનો બધો વહીવટ તેને સોંપી દીધો છે. ને જે પેઢી થોડા વર્ષો ઉપર દર માસે રૂપિયા દશ હજારની ખોટમાં ચાલતી હતી તે આજે ત્રણ ચાર લાખનો નફો કરતી થઇ ગઇ છે. ને પાનાચંદ શેઠ ફક્ત એક કલાક સાંજે પેઢી પર આવે છે. અને બીજા વૃદ્ધ ઝવેરીઓ સાથે ચા પાણી લઇ ચાલ્યા જાય છે. તિજોરીની ચાવી પણ હવે

તો નવીન પોતાની સાથે લેતો જાય છે.

એક વાર સાંજે પાનાચંદ શેઠ પેઢી પર આવ્યા. ને નવીનને બોલાવીને કહ્યું : નવીન-ભાઈ આપણે પેલું તારી બાનું નીલમ તો સાવ ભૂલી ગયા. હવે બજાર સારે છે. એટલે પેટી મંગાવ તો વેચી દેવાય.

નવીને તરત જ માણસ ને મોકલી બા પાસેથી પેટી મંગાવી અને ઉઘાડીને હાથમાં લઈને જોયું ત્યાં તો બારીએથી રસ્તા પર ઘા કર્યો.

'હં હં', નવીન, એ શું ફેંકી દીધું ?

'કાકા, એ તો પેલું નીલમ જ ના !' ફેંકી શા માટે દીધું ?

'એ નીલમ જ કયાં હતું ? એતો હતો લીલા કાચનો કટકો.'

'હોય નહિ, હોય નહિ ? કાકા હસતા હસતા બોલ્યા.'

'ન હોય શું ? નીલમ હોત તો શું હું ફેંકી દઉં ! નવીન બોલ્યો 'પણ કાકા, તમેય એને પારખી ન શકયા ? આવા કટકા માટે તમે મને મખમલની આવી સરસ પેટી આપી ?'

'ભાઈ મારી આંખે નહિ દેખાયું હોય એમ ઓછું જ છે ?'

'તો પછી કાકા તે દિવસે તમે મને કેમ ના કહ્યું કે આ નીલમ નથી પણ કાચનો કટકો છે.' નવીન બોલ્યો.

'ભાઈ, કહેવા કહેવાના ય વખત હોય છે. કવખતે કહેલું સોળ આની સાચું હોય તો પણ નકામું જાય છે, યોગ્ય વખતે કહેલું લાભ કરે છે. પ્રેમચંદ શેઠે જણાવ્યું ને વળી ખોંખારો ખાઈને બોલ્યા. તે દિવસે જો મેં તને કહ્યું હોત તો લોકો કહેત કે માણેકચંદ ગયા એટલે પ્રેમચંદને આંખની પણ શરમ ન આવી અને અણુસમજુ છોકરાને છેતર્યો. લોકો તો કહેત પણ તારી બાને પણ ત્રાસ માટે ઓછું આવત અને ભાઈ તારા દિલમાં પણ ઝેર વસત. આ બધું હું એક પળમાં જોઈ ગયો. એટલે મેં તને તે દિવસે ન કહ્યું આજે તને પોતાને સ્પષ્ટ દેખાયું એટલે મને નિરાંત વળી છે.'

'પણ કાકા તમે મને અને મારી બાને કેટલાં બધાં વર્ષો ભ્રમમાં રાખ્યાં ? નવીન બોલ્યો.' તમે બહુ ધીરજ રાખી.

'ભાઈ તને ભ્રમમાં રાખ્યો ને તું જાતે એને પારખી લે ત્યાં સુધી ધીરજ રાખી. એનાં પરિણામ આજે હું જોઉં છું ના ? મેં ધીરજ રાખી ન હોત તો આ નવીન આજે મારો છે તેવો મારો ન હોત અને માણેક-ચંદનો ઉપકાર વાળવાનો વખત મને ન મળત. નવીન, તારો ભ્રમ હું કાઢું એના કરતાં તારો ભ્રમ તું જાતે જ કાઢે એ વધારે સારું નહિ ? પ્રેમચંદ શેઠે કહ્યું 'લોકો બીજાઓને ભૂલો બતાવવાની મહેનત કરે છે. તેના કરતાં બીજાને પોતાની ભૂલ સમજાય એ માટે મહેનત કરતા હોય તો દુનિયા ભારે સુખી થાય.

પ્રેમચંદ શેઠ મનમાં ગર્વ અને આનંદ માનતા ઘેર ગયા અને નવીન આ અકતલ ડોસાની ભાવભીની કુનેહના મનમાં વખાણ કરતો નીલમની સાચી હકીકત બાને જણાવવા માટે પેઢીમાંથી વહેલો ઘેર ગયો.

★

*જૈન સમાજે ખાસ અપનાવેલી........*

એમ.એમ.ખંભાતવાળાની

# મનોહર
# અગરવાટ




સુખડ, બરાસ, કેસર,
કસ્તુરીની સુગંધિયુક્ત
વનસ્પતિઓમાંથી
બનાવેલી હોવાથી
વાતાવરણ શુધ્ધ, પવિત્ર
અને સુગંધિત બનાવે છે.

*નિર્માતા:* એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ ૧.
ફોન: ૫૧૮૦૨ તાર: 'સોમા'

C. SHAH



# આર્હત દર્શન અને શિક્ષણ

લેખક પંડિત વસિષ્ઠજી યાજ્ઞિક હલવદકર
(આયુર્વેદાલંકાર) સંપાદક: જીવન આનંદ, રાજકોટ

જે રાષ્ટ્ર અને રાષ્ટ્રીય પ્રજાનું ચારિત્ર નાશ પામે અથવા કલંકિત બને ત્યારે તે રાષ્ટ્ર અને પ્રજા બન્ને પરતંત્ર બને છે. રાષ્ટ્ર અને પ્રજાનાં ચારિત્રનું ઘડતર ધાર્મિક શિક્ષણ દ્વારા જ કરી શકાય છે. અને તે શિક્ષણના આદર્શ સિદ્ધાંતો આર્હત દર્શન માન્ય શ્રુત સાહિત્યમાં રક્ષાએલા છે.

વિશ્વવંદ્ય ભગવાન મહાવીરે આર્હત દર્શન દ્વારા ભારતને ચારિત્ર નિર્માણ શિક્ષણની અમૂલ્ય ભેટ આપી છે. આર્હત દર્શનનાં ચાર અનુયોગોમાં "ચરણ કરણાનુયોગ" તે જ વિશ્વનાં સર્વાંગીણ વિકાસની ચાવી છે આજે આપણા રાષ્ટ્રપિતાના અંતેવાસી (વિદ્યાર્થી) રાષ્ટ્રભક્ત પૂ. વિનોબાજી "સર્વોદય"ની જે રૂપરેખા આપણા રાષ્ટ્ર સન્મુખ ધરે છે તે સર્વોદયનું સર્વાંગ સુંદર શબ્દચિત્ર ભગવાન મહાવીરે આર્હત દર્શન દ્વારા પ્રજા સન્મુખ મૂક્યું છે. તેથી–આર્હત દર્શનોપાસક તીર્થને " સર્વોદયતીર્થ " તરીકે સંબોધવામાં આવ્યું છે–આ ક્ષણે યુક્ત્યાનુશાસનનું પદ યાદ આવે છે કે "सर्वापदामन्तकरं निरंतरम् सर्वोदयं तीर्थमिदं तवैव હે ભગવાન ! આપનું તીર્થ (શાસન) સંપૂર્ણ આપદાઓનો અંત કરનારૂં છે, અને સમસ્ત અભ્યુદય–સર્વાંગીણવિકાસ (આત્મિક અને ભૌતિક) કરનારું હોવાથી સર્વોદય તીર્થ રૂપ છે. નિર્વિવાદ સત્ય છે કે સંસારનાં તમામ દર્શનો પર આર્હત દર્શન મુગટ સમાન શોભી રહ્યું છે. કારણ કે આર્હત દર્શન વિશ્વ પ્રેમના સિદ્ધાન્તપર રચાએલું હોવાથી તેનુ સાર્વભૌમત્વ છે. તેથી એક હજાર વર્ષ પૂર્વે સમંતભદ્રાચાર્યે ઉપરના શબ્દો ઉચ્ચાર્યા છે.

આર્હત દર્શનમાં શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાન, કલા અને વિશેષ કહીએ તો ચારિત્ર ઘડતર અને રક્ષણના મૂલભૂત સિદ્ધાંતો છે.

આજે રાષ્ટ્રમાં જે કાંઇ કલેશ–ઉપદ્રવ વગેરે અનુભવાય છે તેનું કારણ ચારિત્રની અવગણનાનું પરિણામ છે. સંપ્રદાયવાદ, વર્ગ વિગ્રહ જેવા વિઘાતક તત્વો હોય ત્યાં પ્રેમને સ્થાનજ હોતું નથી. એટલે જ સર્વોદયતીર્થ સૌથી પ્રથમ અહિંસાનું વિવેક પૂર્વક પાલન કરવા આગ્રહભરી સૂચના કરે છે. અહિંસા અને સત્ય એ બન્ને એકજ વસ્તુના બે પાસા છે. એટલે અહિંસા હશે ત્યાં સત્ય સહેજે આવી જશે.

આપણા જૈન જીવનની ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા જ ભૂતપૂર્વે એવા પ્રકારની હતી કે કુટુંબના નાના–મોટા સૌને ચારિત્ર ઘડતરના સંસ્કાર ઘરમાંથીજ મળતા હતા. કારણ કે ઘરમાં સૌ વડિલો હંમેશાં "આવશ્યક ધર્મ

ક્રિયા" કરતા હતા એટલે આવશ્યક કર્મ-કાંડની વિધિમાં સર્વભૂતહિતની દ્રષ્ટિ અને સંસ્કારનું શિક્ષણ મળી શકે તેવા અહિંસા, સત્ય, ઇંદ્રિયનિગ્રહ, અપરિગ્રહ, સમાધિ અને ધ્યાન વગેરે તત્ત્વોના સૂક્ષ્મ સંસ્કારો મળતા હતા અને આવશ્યકનો ક્યારેય પણ લોપ કરવો નહી એવી દ્રઢ નિષ્ઠાથી જ શ્રમણોપાસક આણંદ અને કામદેવ જેવા ધર્મવીરો જૈન સમાજે જ આપ્યા છે.

ચારિત્ર ઘડતરના બે રાજમાર્ગો સર્વોદય તીર્થ સૂચવે છે. એક દેશથકી વિરતિ અને અને બીજો સર્વથકી વિરતિ આ બન્ને માર્ગોનો વિવેકપૂર્વક નિર્ણય કરીએ તો સર્વોદયતીર્થના વારસદાર તરીકે ઓળખાવાનો આપણો હક પણ રહી શકે તેમ નથી, નિઃશંકપણે કહેવું જોઇએ કે જો સર્વોદયતીર્થના સંસ્કાર વારસદાર તરીકે હક રાખવો હશે તો "ચરણ-કરણાનુયોગ"ને જીવનમાં ઉતારવો પડશે અને સર્વોદયતીર્થને અનુકૂળ ચારિત્રનું ઘડતર કરવુંજ પડશે.

ચારિત્રના ઘડતર માટે ભગવાન મહાવીરના જીવનને આદર્શરૂપે રાખીને જ જીવન ઘડવું પડશે. એટલે આપણા ગૃહજીવનની વ્યવસ્થા જ એવી તૈયાર કરવી પડશે કે આપણા ઘર એ ચારિત્ર ઘડતરની શિક્ષણ સંસ્થારૂપ બને. માતા પિતા એ બન્ને શિક્ષકરૂપ બને—આજે તો આપણું ગૃહજીવન અને શૈક્ષણિક જીવન છેલ્લી પથારીએ છે.કારણ કે આપણને સમાજના સુકાનીઓ(?) અડવૈયાઓ તરફથી વાસ્તવિક માર્ગદર્શન મળ્યું જ નથી. જે કાંઇ માર્ગદર્શન મળે છે તે પણ સંપ્રદાયવાદનું પૂરક અને નિર્જીવ શબ્દો જ સાંભળવા મળે છે.

આપણા ધાર્મિક ક્રિયાકાંડમાં રાષ્ટ્ર, સમાજ અને વ્યકિત વિકાસના આવકાર પાત્ર સંદેશાઓ ગુંથ્યા છે. દેશ વિરતિનું માર્ગદર્શન આપતું—આવશ્યક સૂત્ર શિક્ષણ શાસ્ત્રની દ્રષ્ટિએ તૈયાર કરાવીને આપણા નવયુવકો પાસે રજુ કરવામાં આવે તો—જૈન સમાજ અને ભારતની સર્વ સભ્ય પ્રજા તે દેશવિરતિ ધર્મ પાલનમાં જ સર્વોદય સમજશે.

આજની પરિસ્થિતિ જો ચાલુ રહેશે તો આવતા પચાસ વર્ષની અંદર જૈન સમાજનું નામ અસ્તિત્વમાં રહેશે કે કેમ એ એક પ્રશ્ન છે. ભારતના જૈન સમાજમાં વહેલી તકે ધાર્મિક શિક્ષણનાં પાઠય પુસ્તકો શિક્ષણની દ્રષ્ટિએ તૈયાર કરાવો અને તે નિખિલ ભારતવાસી જૈન સંઘને મંજુર હોય. આ દિશામાં આજે આર્યસમાજ અને દિગંબર જૈન બન્ને મંડળો તરફથી આવકારપાત્ર પ્રવૃત્તિ શરૂ થઇ છે. તે જૈન સમાજ માટે દ્રષ્ટિ ખેંચે છે.

કોલેજમાં અને હાઇસ્કુલમાં અભ્યાસ કરતો જૈન વિદ્યાર્થી, ક્ષત્રિય, ઇસ્લામ, મરાઠા વંશનો ઇતિહાસ જાણે છે. પરંતુ જૈન જગતના વંદનીય આત્માઓના જીવન વિષે કશુંય નથી જાણતો તે આપણા માટે દૂષણરૂપ છે. આપણા સંત પુરુષોમાં થોડા સંતો સિવાય બીજાને ભાગ્યેજ રસ હોય છે. ધર્મના પ્રચાર માટે ખ્રિસ્તી પ્રજાની પ્રવૃત્તિ જુઓ. છેલ્લા પચાસ વર્ષમાં ખ્રિસ્તીની સંખ્યામાં ૩૦ ટકા વધારે થયો છે. દર વર્ષે સાડાચાર કરોડ રૂપિયાનું સાહિત્ય પ્રકાશન કરી પોતાનો પ્રચાર કરે છે; ત્યારે જૈનસમાજ પોતાનાજ સંઘના બાળકોમાં જૈનત્વ સ્થિર રાખવા માટે પણ પ્રમાદ કરે છે આ શોચનીય સ્થિતિમાંથી બહાર આવવા પ્રભુ સૌને બળ આપો એજ ભાવના.

# વિરાધના–આરાધના

લે : શ્રી રમણલાલ ભોગીલાલ પરીખ, ખંભાત

નમસ્કાર મહા મંત્રનો આરાધક સહજ મળનો નાશ કરે છે અને તથાભવ્યત્વનો પરિપાક કરે છે.

નમસ્કાર મહા મંત્રનો આરાધક પુણ્યાનુબંધી પુણ્યનો બંધ કરે છે અને પાપ કર્મનો ક્ષય કરે છે.

નમસ્કાર મહા મંત્રની આરાધના કરીને પોતાનું આધિ ભૌતિક હિત ઇચ્છનાર વિરાધના કરે છે.

નમસ્કાર મહામંત્રની વિધિ પૂર્વક આરાધના કરો, સંસારી સુખોની ઇચ્છાને તમારો કેડો મૂકે જ છૂટકો.

નમસ્કાર મહામંત્રના આરાધકની સર્વે આરાધના કરે છે, તેના વિરાધકોને સિંહને દેખીને જેમ શિયાળવું ભાગે તેમ ભાગવું જ પડે છે.

આરાધના મોક્ષ આપે છે, વિરાધના સંસાર વધારે છે.

આરાધનાનો આનંદ મેળવવો છે ? અને વિરાધનાના પાપથી બચવું છે ? આવો–રસ્તો બતાવું.

નમસ્કાર પૂર્વે, નમસ્કાર કરવાનો ધન્ય પ્રસંગ આવી રહ્યો છે. એવું જાણવાની સાથે, મેઘને ભાવપૂર્વક આમંત્રતા મયૂરની જેમ મન મધુર હર્ષ પૂર્વક થનગનવા લાગે.

પોતાને મળેલા સમય–શકિત અને સઘળાં સાધનોનો પર હિતમાં ઉપયોગ તે આરાધના અને સ્વહિતમાં ઉપયોગ તે વિરાધના સમ્યગ દર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલો મોક્ષમાર્ગ છે. મારાથી એની આરાધના ન થઇ શકે તો ય મારે એની વિરાધનાથી બચવું જોઇએ. આવી વૃત્તિ જેનામાં હોય તે દેવલોકના આયુષ્યને બાંધે.

નમસ્કાર મહામંત્રમાં આ મોક્ષ માર્ગ છે. તેના આરાધકો છે, અને તેની આરાધનાનું ફળ પણ છે.

આ મોક્ષ માર્ગની આરાધના કરવી હોય, તેની વિરાધનાના પાપથી બચવું હોય તો નમસ્કાર મહામંત્રને શરણે જાવ.

તે તમોને તેનું દાન કરી, સંસાર સાગરથી પાર ઉતારી, ઉત્તમ મોક્ષ આપશે.

પંચ પરમેષ્ઠિ ભગવંતોને કરાતો નમસ્કાર એ તો મોક્ષનું, મોક્ષ માર્ગનું બીજ છે, ભલા ! બીજ વગર ફળ ક્યાંથી આવે ?

ફળની ઇચ્છાવાળાએ બીજનો સંગ્રહ કરવો જોઇએ.

*

* ધાર્મિક સમાચારો બની શકે તેટલા સંક્ષિપ્તમાં મુદ્દાસર દર મહિનાની તા. વીસમી સુધીમાં મોકલવા વિનંતી છે.

* બાકી પડતું લવાજમ ભરપાઇ કરી દર્શનીય સચિત્ર ભેટ પુસ્તક મેળવી લેશો. નવા વર્ષના લવાજમ માટે વી. પી. કરવું ન પડે તે રીતે વહેલી તકે ભરપાઇ કરવા વિનંતી છે.

* દર મહીનાની તા. ૧૦ સુધીમા અંક ન મળતાં પત્રથી જણાવવું. સરનામું ફેરબદલી થવા પામે તો પત્રથી નોંધ પમાડવી

# ઓળીનું આરાધન કેવી રીતે કરશો ?

લેખક : મુનિ ત્રૈલોક્યસાગર

આ લોક અને પરલોકનાં સુખની ઈચ્છા વિના ફક્ત કર્મનો ક્ષય અને આત્મશુદ્ધિ પ્રગટ કરવા સિદ્ધચક્રનું આરાધન કરો !

શ્રીપાળની માફક આપણું અમાડનારનું પણ ભલું ચાહો.

મયણાની જેમ સાસુનો વિનય–બહુમાન સેવા કરો.

શ્રીપાળની માફક માતા ઉપર પ્રેમ ધારણ કરો, તિરસ્કાર ન કરો.

મયણાની જેમ દુઃખમાં પણ પતિ ઉપર પ્રેમ, સેવા, બહુમાન કરો. તરછોડો નહિ. કટુવચન બોલો નહિ.

શ્રીપાળની માફક સ્ત્રીઓ અને ઋષિ તરફ નજર ન રાખતાં તેની આરાધના–એકાગ્રતા ઉપર લક્ષ રાખો.

મયણાની જેમ દેરાસર–ઉપાશ્રયમાં સંસારી વાતો કરવી નહિ. (વાતો કરવાથી નિસીહિ (પ્રતિજ્ઞા) નો ભંગ થાય છે.)

શ્રીપાળની માફક માતાને દરરોજ પગે લાગો–નમસ્કાર કરો.

મયણાની જેમ પતિને પ્રેમથી મીઠાવચનથી ધર્મમાં જોડી પત્નીપણું સાર્થક કરો.

શ્રીપાળની માફક ભયંકર સંકટમાં પણ "નવપદ"નું જ સ્મરણ કરવું

મયણાની જેમ શાસન (ધર્મ)ની જ નિંદા (હેલના) ને દૂર કરવાનું દુઃખ ધારણ કરો.

*


## વરસી તપના પારણા પ્રસંગે

### પ્રભાવના ઉપયોગી પ્રકાશનો

| નામ | | રૂા. ન.પૈ. |
|---|---|---|
| સામાયિક સુત્ર | ૧૦૦ ના | ૧૨ ૫૦ |
| બે પ્રતિક્રમણ મૂળ | ,, | ૪૦–૦૦ |
| પંચ પ્રતિક્રમણ મૂળ | ,, | ૧૫૦–૦૦ |
| બે પ્રતિક્રમણ વિધિ સહિત | ,, | ૮૫–૦૦ |
| સુધારસ સ્તવનાવલિ | ,, | ૪૦–૦૦ |
| આરાધના સંગ્રહ | ,, | ૩૦–૦૦ |
| શત્રુંજય ઉધ્ધાર રાસ | ,, | ૧૫–૦૦ |
| અક્ષય નિધિ તપની વિધિ | ,, | ૧૫–૦૦ |
| નમસ્કાર મહા મંત્ર | ,, | ૨૦–૦૦ |
| પ્રાચીન છંદ સંગ્રહ | ,, | ૨૦–૦૦ |
| દર્શન ચોવીશી | ,, | ૬૫–૦૦ |
| સ્નાત્ર પૂજા | ,, | ૧૫–૦૦ |
| નેમનાથ શ્લોકો | ,, | ૧૨–૫૦ |
| રત્નાકર પચ્ચીસી | ,, | ૧૨–૫૦ |
| સાધનાની પગદંડી | ,, | ૫૦–૦૦ |
| પંચ પ્રતિક્રમણ વિધિ સહિત | ,, | ૧૭૫–૦૦ |
| સ્થાપનાજી | ,, | ૩–૨૫ |
| લાકડાની માળા | ,, | ૮–૫૦ |
| પ્લાસ્ટીકની માળા નાની | ,, | ૧૮–૦૦ |
| પ્લાસ્ટીકની માળા મોટી | ,, | ૨૫–૦૦ |
| પ્લાસ્ટીકની સાપડી | ,, | ૨૫–૦૦ |

સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ નાની સાઈઝમાં છપાય છે. જેમાં ચાર પ્રકરણ ત્રણ ભાષ્ય છ કર્મગ્રંથ મોટી સંગ્રહણી ક્ષેત્ર સમાસ તત્ત્વાર્થ વગેરે મૂળ છે. મૂલ્ય ૨–૫૦

- જેટલી નકલ જોઈશે તેટલી આપી શકીશું
- ફોટો કે નામ છાપવું હશે તો છાપી આપીશું તેનો ચાર્જ અલગ થશે.
- વિશેષ માટે સુચિપત્ર મંગાવો.

**સોમચંદ ડી. શાહ**

ઠે. જીવન નિવાસ સામે. પાલીતાણા

# ધર્મનો પ્રભાવ

લે. નેમચંદ પ. પરીખ

પ્રાચીન સમયે, જેમ સમુદ્ર અસંખ્ય કીંમતી રત્નો અને અનેક જીવશ્રેણુ જળચરોથી ભરેલો છે તેમ, અનેક સજ્જનો અને દુર્જનોના વસવાટવાળી તથા જેના નામ પ્રમાણે દૂર દૂરના દેશોમાંથી આયાત થતા માલથી ભરેલાં વહાણોની હારમાળાના હલનચલનથી જેનું જળ સદા જાગૃત રહે છે તેવી જાગૃતી નદીને કાંઠે સાગરપુરી નામે એક નગરી શોભી રહી હતી.

આ સાગરપુરીમાં મદદકુમાર નામે એક દયાળુ-સત્યપ્રિય–અહિંસક–દાનેશ્વરી અને તેવા વિવિધ ગુણોના ભંડારસમો એક વણિકપુત્ર રહેતો હતો. આ વણિકપુત્રના સત્સંગથી વર્ણે જૈનેતર હોવા છતાં જૈન ધર્મનો ચુસ્તપાલક તેવો તેનો મિત્ર તકદીરચંદ નામે એક યુવાન પણ રહેતો હતો. તકદીરચંદ આર્થિક સ્થિતિએ સાધારણ હોવાથી પોતાના શ્રીમંત મિત્ર મદદકુમારની વિવિધ મદદથી અને પોતાની કુનેહ તેમ જ ધૈર્ય અને પુરુષાર્થથી સ્વનગરીમાં ધીકતો ધંધો ચલાવી રહ્યો હતો. તેને બુદ્ધિવતી નામે એક ભાર્યા હતી, જે સદાચારી–સત્સંગી–રૂપવતી–ચતુરવંતી–એકપતિવ્રતી અને પતિના સુખે સુખી અને પતિના દુઃખે દુઃખી રહેવામાં આનંદ માનતી હતી. આ બન્ને [તકદીરચંદ-બુદ્ધિવતી]ના યોગથી તેમને ચંદ્ર જેવા મુખવાળો-પુષ્પની સૌરભ જેવા ગુણોવાળો દિવ્યકાંતિવાન–વિનયવાન તેવો પ્રતિક નામે એક પુત્ર પ્રાપ્ત થયો હતો.

આજ નગરીમાં, છલકપટમાં પાવરધો–કૃપણતામાં અજોડ–ઈર્ષ્યામાં અદ્વિતીય–છતાં ગતભવના પૂન્યોદયે, અનેક દૂરના દેશોમાં સેંકડો ગોદામો તથા મોટી શરાફી પેઢીઓનું અસ્તિત્વ ધરાવતો, અતિ ધનાઢય છતાં યથાનામનઃ ગુણોઃવાળો ઘાતકીલાલ નામે એક અધમ જીવ રહેતો હતો. આ ઘાતકીલાલને બહુ પત્નીઓ હોવા છતાં દુર્ભાગી એવો તે વારસહીન હતો.

આ ઉપરાંત અનેક વર્ણોવાળા તથા વિવિધ કર્મોવાળા અસંખ્ય લોકો પણ આ નગરીમાં પોતાનું જીવન વ્યતીત કરતા હતા.

સમય જતાં એક દિવસે તકદીરચંદને ખરીદ કરેલ માલના ભરણા માટે ઘણી મોટી રકમની જરૂર પડી. એટલે તે પોતાના મિત્ર મદદકુમારના નિવાસસ્થાને ગયો. મિત્ર તકદીરચંદની વાત સુણી, થોડા સમયથી નાણાં ભીડમાં ફસાયેલો મદદકુમાર મિત્રને મોટી રકમની મદદ ન કરી શકવાથી અતિ લાચાર થયો. અને રકમની સગવડ મેળવી આપવાના વિચારમાં પડયો. અંતે બન્ને મિત્રો, વિચાર કરીને શ્રીમંત શેઠ ઘાતકીલાલની પેઢીએ પહોંચ્યા.

વર્ષોથી આ બન્ને મિત્રોની સુખી જીવનની ઇર્ષ્યામાં રાચતો, તેમના જીવનપંથમાં કંટકો નાખતો, તેમને યેનકેન પ્રકારે ફસાવવા મથતો, પ્રતિકના પિતા અને બુદ્ધિવતીના પ્રિય પતિ તકદીરચંદનું અહિત ઇચ્છતો, પ્રતિક અને બુદ્ધિવતીને પોતાને શરણે કરવા મથતો, વાસના અને વારસદાર મેળવવાના લોભમાં વસતો, ઘાતકીલાલ અખંડ રાત્રી જાગરણ કરી કપટજાળ રચવાના અનેક મનસૂબા રચતો હતો. "પોતાની પાસેથી તકદીરચંદને મોટી રકમની આશા છે." એમ જાણી તે ઘણોજ ખુશી થયો. અને નક્કી કરેલ મુદતની અંદર નાણાં ભરપાઈ ન કરી શકે તો તારા (તકદીરચંદના) દેહમાંથી વીસ તોલા માંસ કાપી લેવું, તેવી જીવલેણ શરત પ્રમાણે જોઈએ તેટલા નાણાં આપવાની તેણે તૈયારી બતાવી. ઘાતકીલાલની આવી આકરી શરત સુણીને બન્ને મિત્રો ઘડીભર વિચારમાં પડયા. છેવટે ઠરાવેલ મુદત દરમિયાન નાણાં પરત કરવાની મિત્ર મદદકુમારની તૈયારીથી તકદીરચંદે તે શરત મુજબ રકમ લઈને ખતપત્ર કરી આપ્યું. ત્યારબાદ તે બન્ને પોતપોતાને ઘેર ગયા.

ઘાતકીલાલ પાસેથી "ઠરાવેલ મુદત દરમિયાન નાણાં ભરપાઈ ન કરી શકાય તો પોતાના દેહમાંથી વીસતોલા ભાર માંસ કાપીને લેવા દેવું" તેવી શરતથી નાણાં લાવ્યાની વાત પોતાના પ્રિયપતિ પાસેથી સુણીને, સુજ્ઞનારી બુદ્ધિવતીને ઘાતકીલાલની બદદાનત કળી જતાં વાર ન લાગી, એટલે તરત ને તરત નાણાં પાછાં આપી આવવા માટે તે પતિને સમજાવવા લાગી. પણ સરલ સ્વભાવ વાળા દુર્બળ ભાવી તકદીરચંદે પત્નિની શીખને નકારી કાઢી અને પોતાનું ધાર્યું કર્યું.

કાળ પોતાનું કામ કરે જ જાય છે. દિન પછી રાત અને રાત પછી દિન તેમ સમય સંસાર થઇ રહ્યો છે. મદદકુમાર પોતાનાં વહાણો સાગર બંદરે કયારે આવે છે ? તેની રાહ જોઇ રહ્યો છે. નિત વીસથી પચીસ દિનના ગાળા દરમ્યાન આવતાં વહાણો; દોઢ દોઢ માસ થયા છતાં આવ્યાં નથી. જાગૃતી નદીનાં નિત જાગતાં રહેતાં પાણી હમણાંથી ઉંઘતાં રહે છે. એક બાજુ ઘાતકીલાલ અને તકદીરચંદ વચ્ચે થયેલ કરારની મુદત દિન-પ્રતિદિન નજીક આવી રહી છે. બીજી બાજુ" દરિયો તોફાને ચઢયો છે, પવન સૂસવાટા કરી રહ્યો છે, વહાણોને આવવાના સંજોગો પ્રતિકૂળ બન્યા છે." તેવા વિપરીત સમાચારો મળે છે. અને આમ કરતાં એક દિવસે જમ સરખો ઘાતકીલાલ, તકદીરચંદને આંગણે આવી ઊભો રહ્યો અને થોડાક સમય બાદ મિત્ર મદદકુમાર પણ, પોતાનાં માલથી ભરેલાં વહાણો સાગર બંદરે આવી પહોંચ્યાં છે તેવા સમાચાર મિત્રને આપવા ઝડપભેર આવી પહોંચ્યો. પણ બધુંજ વ્યર્થ કરારની મુદત વહી ગઇ. ફકત તરસ્યો ઘાતકીલાલ, ખત પત્રના લખાણ અનુસાર વીસ તોલા ભાર માંસ તકદીરચંદના દેહમાંથી કાપી લેવાનો હઠાગ્રહ લઇ બેઠો છે. તકદીરચંદનું સર્વ કુટુંબ તથા મિત્ર મદદકુમાર તેણે આપેલ નાણાં કરતાં અનેક ગણાં નાણાં આપવા માટે વિનંતી કરી રહ્યા છે. પણ નિરાશા ! દુષ્ટ કોઈપણ રીતે ન માન્યો. આ સમાચાર જોતજોતામાં સર્વત્ર ફેલાઈ ગયા અને સમય જતાં દૂર દૂરના દેશોમાં પણ વહેતા થઇ ગયા. અનેક અગ્રગણ્ય

વ્યક્તિઓનો ઘાતકીલાલને સમજાવવાનો પરિશ્રમ નિષ્ફળ ગયો. દુર્ભાગી ઘાતકીલાલ એકનો બે ન થયો તે ન જ થયો. ખટલો અદાલતને આંગણે પહોંચ્યો અને ચુકાદાનો દિન પણ જોતજોતામાં આવી પહોંચ્યો.

ઘાતકીલાલ અને તકદીરચંદ વચ્ચે થયેલ "જીવલેણ ખતપત્ર ખટલા"ના પરિણામને જાણવા સારાયે સાગરપુરીની પ્રજા અતિ તત્પર થઈ રહી છે. સાથે સાથે કોઈ તકદીરચંદની તરફેણમાં પોતાનો અભિપ્રાય દર્શાવે છે, તો કોઇ ઘાતકીલાલના પક્ષનું સમર્થન કરે છે. કોઇ તકદીરચંદને, આવું ખતપત્ર કરી આપવા માટે દોષ દે છે તો વળી કોઇ ઘાતકીલાલની નીચવૃત્તીને ધુત્કારે છે. આમ "મુંડે મુંડે મતિર્ભિન્ના અને ઘડી ઘડી ગતિર્ભિન્ના"ની સુભાષિત અનુસાર સૌ વિધવિધ અનુમાન બાંધે છે.

એક દિવસે તકદીરચંદ પોતાને શિરે વિપત્તીઓનાં વાદળાં ઘેરાયેલાં હોવા છતાં અખૂટ ધૈર્ય, અડગ ધર્મશ્રદ્ધા અને પત્નીનાં પ્રિય વચનોથી આશ્વાસન મેળવતો, નિત્યક્રમ પ્રમાણે જિનદર્શન-જિનપૂજા કરીને મહાપ્રભાવિક-સર્વ વિઘ્નવિનાશક, સર્વ સુખદાયક-સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ તેવો નવકાર મંત્રનું હૃદયમાં સ્મરણ કરતો.

હોય શ્રદ્ધા જો અંતરવિષે, તો જ ફળે નવકાર
નહિ તો પોપટ જ્ઞાન છે, ભલે કરે પોકાર.

મિત્ર મદદકુમાર સાથે અદાલત ખંડમાં આવી બેઠો. ત્યારબાદ અહંકારના હોજમાં ડૂબતો નિર્બળ ભાવીને પ્રેરતો, પોતાના,સચોટ વિજયના અંધ અનુમાનમાં રાચતો વાદી ઘાતકીલાલ અત્યંત રૂઆબભેર અદાલતમાં દાખલ થઇ પોતાના આસને બેઠો. અદાલતખંડ અને તેની આજુબાજુની બાલ્કની શ્રોતાગણથી ખીચોખીચ ભરાઇ ગઇ છે. બહારના વિશાળ મેદાનમાં પણ આ ખટલાની રસિક જનતાથી જૂજ પણ જગ્યા બાકી રહી નથી. સારા નગરનો માનવ મ્હેરામણ જમા થયો છે. તેટલામાં સુવિખ્યાત પ્રોસીક્યૂટરો, નામાંકિત બેરીસ્ટરો અનેક વકીલો તથા સાગરપુરીની અગ્રગણ્ય વ્યક્તિઓ તદુપરાંત અદાલતનો અન્ય નોકરીયાત વર્ગનો સમુદાય દાખલ થયો ને ગોઠવેલી ખુરશીઓ ઉપર સૌએ પોતપોતાની બેઠક લીધી. ત્યારબાદ થોડીવારમાં, ગૌરવર્ણવાળી, કાળા પોશાકવાળી, દીર્ઘદ્રષ્ટિવાળી, દેશ વિદેશની અનેક પદવીઓને પ્રાપ્ત કરવાવાળી, વિવિધ ખટલાઓના સંતોષકારક ચુકાદાઓ આપવાવાળી, સમદ્રષ્ટિવાળી, વિચારીપ્રસાદ નામની એક વ્યક્તિ આવી અને ન્યાયાસને બિરાજી, કે તરતજ અજાણવર્ગને પણ ન્યાયાધીશ સાહેબને ઓળખી જતાં વાર ન લાગી. સર્વત્ર શાન્તિ વચ્ચે અદાલતનું કામ શરૂ થયું. અનેક વિચાર મંથન બાદ બાવીશ પાનાંથી ભરેલા, ચુકાદાને તૈયાર કરનાર ન્યાયાધીશ સાહેબ વિચારીપ્રસાદે નીચે પ્રમાણે ચુકાદો આપતાં કહ્યું કેઃ—

"વાદી ઘાતકીલાલ અને પ્રતિવાદી તકદીરચંદ વચ્ચે થયેલ, "ખતપત્ર ખટલા"ની અનેક દિવસોની સુનાવણીબાદ, તપાસબાદ બારીક અવલોકનથી ને મારી સમજશક્તિથી હું નીચે પ્રમાણે જણાવેલ ચુકાદાને ઠેરાવવાં સંમત થાઉં છું કેઃ— પ્રતિવાદીએ પોતે કરી આપેલા ખતપત્ર મુજબ વાદીને, પોતાના દેહમાંથી વીસ તોલાભાર માંસ કાપીને લેવા દેવું ને" વાદીએ તે અવશ્ય કાપી લેવું" પરંતુ સાથે સાથે ઠરાવું છું કે પ્રતિવાદીના દેહમાંથી વીસ તોલાભાર માંસ કાપીને લેતાં, વાદીએ વીસ તોલાભાર વજન સિવાય એક રક્તનું ટીપું

પણ વ્યર્થ થવા દેવું નહિ. અગર તેમાં વાદી ચૂક કરશે તો તેણે પાંચ વર્ષની સખ્ત કેદની સજા ભોગવવાની સાથે રૂપિયા પાંચ લાખનો દંડ ભરવાનો રહેશે."

માનવ ધારે હું કરું, કરતલ બીજો કોઇ;
અણધાર્યું માવી રહે, કર્મ કરે સો હોય.

ચુકાદો સમાપ્ત થયો. સ્વપ્નામાં પણ ન કલ્પેલા આવા ચુકાદાનું શ્રવણ થતાં લોભી અને માની ઘાતકીલાલ અદાલતના આંગણે જ પોતાના આસન ઉપર મૂર્છા ખાઇ ઢળી પડયો. અને કોઈપણ પ્રાથમિક સારવારનો પ્રબંધ થાય તે પહેલાં અનેક દુષ્કર્મ કરીને મેળવેલી દોલતને આ દુનિયા ઉપર મૂકીને એકલો જ કરેલાં કર્મોનું ફળ ભોગવવાને પોતાના ભાવિ આત્માને નરકના દ્વારે ઘસડી ગયો.

પરનું બુરૂં કરતાં પહેલાં, પોતાનું થઇ જાય;
ખરેખર એ કુદરતનો ન્યાય.

અદાલત ખંડ વિસર્જન થયો. દીર્ઘદ્રષ્ટિ વાળા ચુકાદાને સાંભળીને અનેક સજ્જનોના મુખમાંથી પ્રશંસાના ઉદ્ગારો સરી પડયા. સમગ્ર જનતાના ચ્હેરા ઉપર આનંદ આનંદ છવાઈ ગયો. વિજયી તકદીરચંદ અને મિત્ર મદદકુમાર ખુશી થતા સ્વગૃહે ગયા. અને તેમના સારાયે કુટુંબમાં હરખ વ્યાપી ગયો.

જિનદર્શન, જિનપૂજા અને નવકાર મંત્રના સ્મરણથી આવી પડેલી વિપત્તિનો વિનાશ થતાં, તકદીરચંદ અને તેનું કુટુંબ વધુને વધુ ધર્મ શ્રદ્ધાળુ થયું. અને અનેક આચાર્યદેવો તથા સાધુ સમુદાયના સંપર્કમાં આવીને, આત્મહિતોપદેશનાં વચનો સાંભળીને છેવટે આ અલ્પજીવી સંસાર સુખનો ત્યાગ કરીને વૈરાગ્ય વાસિત થયું. ત્યારબાદ ઉગ્ર તપ તથા કઠિન ચારિત્ર પાળીને અંતે તેઓ સર્વે સર્વ પ્રકારના દુઃખથી મુક્ત બન્યા.

# વાંચકોને નમ્ર પ્રાર્થના

લવાજમ બાકી હોય તેમણે સત્વર મોકલી આપવું અને ભેટ પુસ્તક મંગાવી લેવું.

પૂ. સાધુ-સાધ્વીજી. મહારાજ સાહેબોને વિહારના અંગે સરનામું નીચેના સરનામે લખી જણાવવા વિનંતી છે.

પત્રવ્યવહાર તથા લવાજમ ભરપાઇ કરવા માટે

શ્રી "બુદ્ધિપ્રભા કાર્યાલય" (બ્રાન્ચ ઓફિસ)
C/o સંપાદક શ્રી દલસુખભાઈ ગોવિંદજી મહેતા
ગાંધી ચોક સાણંદ

# ક્ષ....મા....યા ...ચ . ના

બુદ્ધિપ્રભા માસિકના માનવંતા ગ્રાહકો વાંચકો સહાયકો શુભેચ્છકોની અમો નીચેની બાબતમાં ત્રિવિધ ત્રિવિધ ક્ષમા યાચીએ છીએ.

અંક ૨૮ માં ગાતાં ફુલ તથા ગંગાના ઓવારેથી બંને લેખોના સંબંધમાં—

ગંગાના ઓવારેથી માં—"મહેસાણાની પાઠશાળાનું શિક્ષણ જમાનાને અનુસરીને જોઈએ તે પ્રમાણમાં ઉપયોગી જણાતું નથી." લખાયું છે તેમાં પૂ શ્રીમદ્જીનો આશય છે કે-ભારતમાં એકની એક સંસ્થા કે જેણે શિક્ષકો પ્રચારકો પંડિતો ઉપદેશકો આપી ધર્મને જીવંત રાખવામાં જે કામ કર્યું છે તેવું કામ કોઈ સંસ્થાએ કદાચ તેને લગતું નહિ કર્યું હોય પણ શ્રીમદ્‌ના કાળમાં તેને વધારે વેગવંત બનાવવા માટેના તેઓશ્રીના ઉદ્ગારો હોય તેમ સ્પષ્ટ તરી આવે છે.

ગાતાં ફુલના લેખકે લેખ મોકલ્યો કે જે લેખ તદ્દન છાપવા યોગ્ય જ ન ગણી શકાય પણ અમારી મુસાફરીના કારણે ગેરહાજરીમાં છપાઇ ગયો છે તે બદલ ત્રિવિધ ત્રિવિધ ક્ષમા ચાહીએ છીએ.

લી. તંત્રીઓ.

હતો. સમોઉવાળા શિક્ષક શ્રી મંગળદાસભાઇએ પ્રેમ સારો કેળવ્યો છે. અત્રે ૧૩ (તેર) ઘરોમાં પાઠશાળા ચલાવતા શ્રી સંઘને વારંવાર નમસ્કાર હો ! દરેક ગામમાં સંઘોએ પ્રથમ કર્તવ્ય સમજી અનુકરણ કરવા જેવું છે.

ચાણસ્મા–માસ્તર કનૈયાલાલ એફ. વલાણી અત્રે આવ્યા પછી પાઠશાળાનો વિકાસ બહુજ ફાલ્યો છે. અત્રેની કાર્યક્રમ પધ્ધતિ કોઇ નવીન પ્રકારની જ છે. જેથી વિદ્યાર્થી ભાઇબહેનોને ઉત્સાહ વધે છે. આ બધોય પ્રતાપ શ્રી મહેસાણા જૈન પાઠશાળાનો છે. દરેક શિક્ષકોએ આ પધ્ધતિ ખાસ જાણવા જેવી છે. એમ મુનિશ્રી ત્રૈલોકયસાગરજી ધ્યાન ખેંચે છે.

**તપસ્વી પં. મનહર વિજયજીનું પારણું**

જત બીજુ છસોહ આંબેલ (૬૦૦) નુ ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭ નુ પારણુ જેસરમાં ઘણી ધામધુમપૂર્વક આનંદપૂર્વક થયેલ છે નવ દિવસનો અઠ્ઠાઇ મહોત્સવ નૌકારશી પો. શુ ૧ ના પેલા બસોહ આંબેલ પો. શુ. ૫ ના પ્રવેસમાં એકાસી આંબેલ ઓગણત્રીશ ઉપવાસ બેતાલીસ અઠ્ઠમ ૨૫ અઠ્ઠમ એ બધાને રૂપીયો શ્રીફળ કટાસણા મુહપતી વી. ત્થા આંબિલવાળાને એક આનાની પ્રભાવના થયેલ જેસરથી પાલીતાણા બસોહ માણુસનો સંઘ જાત્રા કરવા આવેલ વિહાર કરીને રાજપરા ગયા ત્યાં બધા આવ્યા જમણુ કરેલ મંગળાચરણ વખતે કદમ્બગીરીની ૧૦૮ જાત્રા કરવાનું કીધું અને ૧૯ જાત્રાકમ્બગીરીની કરી પાલીતાણા પધાર્યા છે શાન્તિવિજયજીએ ૯૯ યાત્રા ચાલુ કરી છે.


જરમન સીલ્વર
તથા
ત્રાંબા–પિત્તળના
દરેક ઘાટના
વાસણો
હાજર
સ્ટોકમાંથી
મળશે.




**શા. ભોગીલાલ દેવચંદ**
ઇમ્પોર્ટર્સ એન્ડ મેન્યુફેક્ચરર્સ
ન્યુ વાસણ મારકીટમાં, માણેકચોક. અમદાવાદ

સ્ટેઈનલેસ
સ્ટીલના
વોશબેસીર
તથા
સીન્કમ
હાજર
સ્ટોકમાંથી
મળશે.

★ લ્હાણાનાં દરેક જાતનાં
વાસણના સ્પેશીયાલીસ્ટ ★

( ફોન નં. ૫૧૫૭૪ )

## "સ્મરણાંજલિ"

**શ્રી ગુરૂભક્ત વર્યસ્વ. શા. લાલભાઇ ભીખાભાઇ પરીખનું દુઃખદ અવસાન.**



પેથાપુર નિવાસી શ્રી લાલભાઈ ભીખાભાઇ પરીખનું તા. ૨૦-૩-૬૨ ના રોજ અમદાવાદ અવસાન થયાના સમાચારથી 'બુધ્ધિપ્રભા'એ એક સમ્પત આંચકો અનુભવ્યો છે. તેઓશ્રી શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા. ના અનન્ય ભક્ત હતા. 'બુધ્ધિપ્રભા'ના ઉત્કર્ષ માટે તેમજ ગુરુભક્તિના દરેક કાર્યોમાં તન, મન, અને ધનથી લાભ મેળવવામાં પૂરેપૂરા ઉત્સાહી મદદગાર થઇ પડતા. સ્વ. શા. લ. ક. દલાલની ખોટ હજી ચાલુ જ છે. ત્યાં સદ્ગત શ્રી લાલભાઇના જવાથી એક પછી એક મહદ્ ભાવનાશીલ વ્યક્તિની ખોટ પડી રહી છે. તેઓશ્રી સ્વભાવે મિલનસાર માયાળુ, પ્રશાન્ત ધર્મસંસ્કારી અને કર્તવ્ય પરાયણ હતા. પરમકૃપાળુ પરમાત્મા સ્વર્ગસ્થને શાન્તિ અર્પે એજ પ્રાર્થના.

તંત્રીઓ—"બુદ્ધિપ્રભા"

## સાભાર સ્વીકાર

૧૦૦) શેઠશ્રી મૂળચંદ બુલાખીદાસ પેઢીના જ્ઞાન ખાતેથી શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસની સત્પ્રેરણાથી —મુંબઇ

૨૫) સ્વ. સંઘવી ખોડીદાસ છગનલાલના સ્મરણાર્થે હા. સુપુત્ર વીસાભાઈ —મુ. લાંઘણુજ.

## સમાલોચના

નરોડા ગોડી પાર્શ્વનાથ જૈન ટ્રસ્ટ તથા શ્રી પદ્માવતી માતાજી ટ્રસ્ટ નરોડા અમદાવાદ નો સં. ૨૦૧૭નું વાર્ષિક સરવૈયું તથા અહેવાલ વાંચવા મળ્યો. જેનો ફોટો અતિદર્શનીય અને સારાય દેરાસરનો ખ્યાલ આપે તેમ છે. દરેક જૈન દર્શનનાં ખાતાંઓનો અહેવાલ તથા હિસાબ બહાર પડે તે ઇચ્છનીય છે.

"**મનનું ધન**" લે. પ્રિયદર્શન પ્ર. શાંતિલાલ. એસ દોશી વિશ્વકલ્યાણ પ્રકાશન. હારીજ કિં. ચાર આના—જુદાં જુદાં સુવાક્યો સુંદર અને મનનીય છે.

"**શાન્તિ ગીતા**" લે. પ્ર. કિં. ઉપર પ્રમાણે. કલ્યાણકો વિ.નાં સુંદર ગીતો આપવામાં આવેલાં છે.

"**ભવના ફેરા**" લે. પ્ર. ઉપર પ્રમાણે કિં. બાર આના

"**શ્રમણની જીવન સંપત્તિ**" લે મુનિ શ્રી ધર્મગુપ્ત વિજયજી. પ્રકા. ઉપર પ્રમાણે દ્રવ્યાનુયોગને લગતા જુદા જુદા સુંદર વિષયોને લગતું ઉદ્બોધન કર્યું છે જે બાલ શ્રમણને પાયા રૂપ છે. અતિ મનનીય છે.

માનવતરીકે જીવનમાં અપનાવવા યોગ્ય સાહિત્ય ગણાય. લખાણ ઘણું સરસ છે. લેખકનો પરિશ્રમ હૃદયની ઉર્મિરૂપ હોવાથી અતિ પ્રશંસનીય છે.



સંયમવેષના સાધના પંથે એકાગ્રચિત્તે ઉત્કૃષ્ટ
ભાવના ઝીલતાં રસમગ્ન બનેલા
**કુમારીશ્રી નિર્મળાબેન શાન્તિલાલ શાહ**



દિક્ષીત થયા પછી સંયમપંથે મંઝીલ ભરતા **સાધ્વીશ્રી નયનપ્રભાશ્રીજી
મહારાજ** બાજુમાં **સાધ્વીશ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.** તથા પાછળ
મુમુક્ષુનિ **કુમારીશ્રી સદ્દગુણાબેન રસીકલાલ શાહ**

# જૈનોપનિષદ

લે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી

## जिनस्योपासकाः

જે મનુષ્યો જિનદેવ તીર્થંકર પરમાત્માના ઉપાસકો, સેવકો, ભક્તો છે, કે જૈનો કહેવાય છે....

શ્રી જિનેશ્વર સમવસરણમાં બેસીને ચતુર્મુખે દેશના દે છે, માટે તે સર્વજ્ઞ વીતરાગ **બ્રહ્મા કહેવાય છે.** રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની પેલી પાર ગયેલા હોવાથી શ્રી જિનેશ્વરો, તીર્થંકરો જ **મહાદેવ, મહેશ્વર** જાણવા. કેવળજ્ઞાનથી શ્રી સર્વજ્ઞ જિનેશ્વર સર્વવ્યાપક હોવાથી તે **વિષ્ણુ ગણાય છે.** સુખના કર્તા હોવાથી જિનેશ્વર **શંકર છે.** સદાશિવમય અર્થાત્ સદા કલ્યાણમય શ્રી તીર્થંકર અરિહંત હોવાથી તે **સદાશિવ કહેવાય છે.** સર્વજીવોને તેઓ તે ધર્મમાં ખેંચે છે માટે તે **કૃષ્ણ કહેવાય છે.** સર્વજીવોના પાપોના હરે છે માટે તે **હરિ કહેવાય છે.** જ્ઞાનાવરણીયાદિ સર્વકર્મોને હરવાથી શ્રી જિનેશ્વર પરમાત્મા જ **હર કહેવાય છે.** સંપૂર્ણ તત્ત્વોના તે જ્ઞાતા હોવાથી તે શ્રી જિનેશ્વર **બુદ્ધ કહેવાય છે.** સર્વ વિશ્વમઃ તે સમર્થ હોવાથી તે **વિશ્વેશ્વર કહેવાય છે.** વસુ અર્થાત્ પૃથ્વીના તે દેવ હોવાથી **વાસુદેવ કહેવાય છે.** સર્વવિશ્વવર્તી ભક્તોના હૃદયમાં ધ્યાનવડે રહેલા હોવાથી તે **રામ કહેવાય છે.**

એવા જિનેશ્વરના ભક્તોને, ઉપાસકોને, જિનેશ્વરના જે રાગી છે, તેઓને જૈન કહેવાય છે. જિનદેવના પર પ્રેમરાગને ધારણ કરનાર મનુષ્યો જૈન કહેવાય છે. શ્રી જિનેશ્વર પ્રભુએ ઉપદિષ્ટ સદ્‌વિચારોના અને સદાચારોના જે ઉપાસક છે તે જૈનો છે. શ્રી જિનેશ્વરની આજ્ઞા પ્રમાણે દુર્ગુણોને જીતવા પ્રયત્ન કરે તે જૈન છે જે દુર્બળતા પર જય મેળવે છે અને સર્વ પ્રકારના શુભ જય મેળવાય એવી શક્તિઓને જે પ્રાપ્ત કરે છે. તે જૈન છે. જે જિનેશ્વરના ગુણોને ઉપાસે છે તે જૈન છે. જે જિનેશ્વરની ઉપાસના કરવામાં રક્ત છે તે જૈન છે. જે જિનદેવની પૂર્ણ શ્રદ્ધા ધારણ કરે છે તે જૈન છે. જે મનુષ્ય જિનદેવના કહ્યા પ્રમાણે શ્રુત ધર્મ અને ચારિત્રધર્મનો યથાશક્તિ ઉપાસક બને છે તે જૈન છે....

(ચાલુ)

આ માસિક શાન્તિલાલ વાડીલાલ શાહે, 'મનોરથ પ્રિન્ટરી, [illegible], ટંકશાળ, અમદાવાદમાં છાપ્યું [illegible] તેને
પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી શ્રી [illegible] સુખભાઇ ગોવિંદજી મહેતાએ સાણંદ[illegible]